અપીલ અરજી નં.૨૩ તા.૨૦–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી(નોર્થઝોન /મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬–૩–૧૦ ની અરજીથી એ.સી.બી.ની નોર્થઝોન કચેરીનાં કર્મચારી વિરૂધ્ધની ફરિયાદ,નિવેદન અને કાર્યવાહી અંગેની માહિતીની નકલ મેળવવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૪–૧૦ ની **SMC/FAP/** નં.૨૩/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬–૩–૧૦ ની અરજીથી એ.સી.બી.ની નોર્થઝોન કચેરીનાં કર્મચારી વિરૂધ્ધની ફરિયાદ,નિવેદન અને કાર્યવાહી અંગેની માહિતીની નકલ મેળવવા બાબતે ડે.કમિશ્નર(૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર નં.એન.ઝેડ/આઉટ/૪૨૩ તા.૧૭–૪–૧૦ થી તથા મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૩ તા.૧૫–૪–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭ તા.૨૯–૪–૧૦ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ સામેલ કરેલ જણાતી નથી તથા તે પૈકી નહીં મળેલી માહિતી અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક જીએડી/ઈએસટી/૪૭૦ તા.૫–૫–૧૦ થી નોંધ વિભાગ, કાર્યપાલક ઈજનેર કતારગામઝોન તરફથી માહિતી અધિકારી લાંચ રુશ્વત વિરોધી બ્યુરો, સુરતની કચેરી, નાનપરા, સુરત તથા પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૮૮૫૦ તા.૨૩–૩–૧૦ થી તબદીલ કર્યાના પત્રની નકલ તથા સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૮૧૬ તા.૧૯–૩–૧૦ થી તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૬૦૦ તા.૧૦–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં..જીએડી/ઈએસટી/૧૯૩ તા.૧૫–૪–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. અરજદારે પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ તથા તા.૨૩–૫–૧૦ ના રોજ સ્પષ્ટતા કરતા પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૧૬–૩–૧૦ ની અરજીથી એ.સી.બી.ની નોર્થઝોન કચેરીનાં કર્મચારી વિરૂધ્ધની ફરિયાદ,નિવેદન અને કાર્યવાહી અંગેની નકલ મેળવવા બાબત તથા થોડા સમય અગાઉ નોર્થઝોન કચેરીમાં આકારણી ખાતાના કર્મચારી વિરુધ્ધ ફરીયાદ નોર્થઝોન કચેરીના કર્મચારી આરોપી શ્રી સંજય દેસાઈએ એ.સી.બી. ના ભ્રષ્ટાચાર નિવારણ તપાસતા નિવેદનમાં જણાવેલ છે કે અમોએ લીધેલા રૂપિયા અમારા સાહેબ શ્રી દિપક પી. શુકલ એસેસમેન્ટ રીકવરી ના કહેવાથી લીધા હતા જે એ.સી.બી. ની ભ્રષ્ટાચાર નિવારણ ફરીયાદની શ્રી સંજય દેસાઈના શ્રી દિપક પી. શુકલના તથા અન્ય કર્મચારીઓના નિવેદનની તથા કાર્યવાહીની તથા એસએમસી કચેરીની કાર્યવાહી સહિત ની માહિતીની નકલો સહી સિકકા સાથે માંગણી કરતી અરજી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૧૬ તા.૧૯–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને તબદીલ કરવામાં આવેલ. ત્યાંથી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૮૮૫૦ તા.૨૩–૩–૧૦ થી માહિતી અધિકારી લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો સુરત કચેરી નાનપરા તથા પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ કચેરી મુગલીસરાને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી માહિતી મેળવવા અરજદારને આ.નં.૧૩૯ તા.૮–૪–૧૦ થી રૂા.૨/– ફી ભરી માહિતી મેળવવા જણાવેલ. જે અરજદારે ભરપાઈ કરી માહિતી મેળવ્યાનું અપીલ અરજીમાં જણાવેલ છે. ત્યાર બાદ આ.નં.૪૨૩ તા.૧૭–૪–૧૦ થી માહિતી પૂરી પાડતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે શ્રી સંજય બી. દેસાઈના ફરજ મૌકુફી હેઠળના મુકવા બાબતના કચેરી હુકમની નકલ મેળવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૧૯૩ તા.૧૫–૪–૧૦ થી "શ્રી સંજયકુમાર ડી. દેસાઈ કર્મચારી નં.૧૧૧૯૨ સામે એસીબી પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૩ /૨૦૧૦ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ અન્વયેનો ગુનો પો.ઈ. એસીબી સુરત ધ્વારા દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ હોય આરટીઆઈ કાયદાની કલમ–૮(૧)(ઝ) તથા (ટ) ને ધ્યાને લેતાં આવી માહિતી હાલમાં આપી શકાય તેમ નથી. આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારને અંશતઃ માહિતી પૂરી પાડેલ છે તથા અંશતઃ માહિતીનો કલમ–૮ હેઠળ જણાવેલા કારણોસર ઈન્કાર કરેલ છે. તા.૧૦–૨–૧૦ ના કચેરીના હુકમ નં.જીએડી/ઈએસટી/૩૬૦૦ ની નકલ પૂરી પાડેલ છે." તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા. ૨૦–૪–૧૦ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જેમાં શ્રી દિપક પી. શુકલ એસેસમેન્ટ અધિકારીનું નામ આરોપી તરીકે જણાવેલ હોવા છતાં તેમના વિરુધ્ધ કચેરીએ કોઈ પણ જાતની કાર્યવાહીની માહિતીની નકલ આપેલ ન હોવાથી નારાજગી દર્શાવી અપૂરતી અને અધૂરી માહિતી આપેલ છે તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલ તબબકે પુનઃ તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૈકી

અપવાદ હેઠળ સિવાયની અંશતઃ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અપવાદ હેઠળની માહિતીનો ઈન્કાર કારણ સહિત જણાવવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૬–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉલપબ્ધ માહિતી પૈકી અપવાદ હેઠળ સિવાયની અંશતઃ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અન્ય માહિતીનો અપવાદ હેઠળ કારણ સહિત ઈન્કાર કરેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી વિગતે પૈકી પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –પ–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન/મધ્યસ્થ મહેકમ) ....જાણ તથા અમલ માટે
(ર) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર